
# ઓલપાડ સુગર કાચી પડી, માંડવી સુગર વેચાઇ ગઇ

યુનિયન બેંકની હરાજીમાં માંડવી સુગરમિલને જમીન, મશીનરી, બિલ્ડિંગ સાથે જુન્નર સુગર્સ લિમિટેડે ખરીદી લીધી હતી. હવે ખાનગી સુગરમિલના કારભારીઓએ નવી રોપણી સિઝનથી શેરડીની નોંધણીનો આરંભ કરી દીધો છે. જે સુરત જિલ્લામાં પહેલી સહકારી ક્ષેત્રની કોટનમિલ અને સુગરમિલનો પાંયો નંખાયો હતો, ત્યાં જ પહેલી ખાનગી સુગરમિલનો પાયો નંખાયો છે. ખાનગી સુગરમિલને IEM (ઇન્ડસ્ટ્રિયલ એન્ટરપ્રિન્યોર મેમોરેન્ડમ)ની મંજૂરી હજુ સુધી મળી નથી. જોકે, ખાનગી સુગરમિલના કારભારીઓએ કેન્દ્ર સરકાર પાસે IEM ની પરવાનગી માંગી છે. હવે જો પરવાનગી મળી જશે તો ગુજરાતની પહેલી ખાનગી સુગરમિલ ધમધમતી થઈ જશે. માંડવી સુગર સંદર્ભે રાજ્ય સરકારે એક વહીવટી કમિટીની નિમણૂક કરી છે. આ કમિટીના ચેરમેને જણાવ્યું કે, યુનિયન બેંકને 200 કરોડ રૂપિયાની કિંમતની જમીન, મશીનરી, બિલ્ડિંગની હરાજીમાં માત્ર 36 કરોડ ઉપજ્યાં છે. જ્યારે હજુ ખેડૂતોના 27 કરોડ, સરકારની શેરફાળાના 20 કરોડ રૂપિયા બાકી છે. હજી પહેલા મંડળીને વિશ્વાસમાં લેવામાં આવી નથી. જિલ્લા કલેક્ટર સમક્ષ સરફેસીની કાર્યવાહી કરાઈ હતી. કલેક્ટરે સરફેસી હેઠળ બેંકને મંજૂરી આપતા માંડવી મામલતદાર હસ્તક જમીન અને મશીનરીનો કબજો લઈને બેંકે હરાજી કરી દીધી હતી. 41 કરોડની બાકી લોન સહિત 70 કરોડના દેવામાં ડુબેલી ઓલપાડની કાંઠા સુગરના પ્રમુખ અને માજી ધારાસભ્ય ગંગારામ પટેલે રાજીનામુ આપી દેતાં કાંઠા વિસ્તારના ખેડૂતોમાં હડકંપની સ્થિતિ સર્જાઈ. વ્યવસ્થા કમિટીની તાકીદની બેઠક બોલાવાઈ હતી સાથે જ વહિવટદારની નિમણૂક પણ કરવામાં આવી હતી. આ મુદ્દે સભાસદોએ એક સમિતિ પણ બનાવી હતી અને હાલની તારીખમાં પણ સભાસદો લડત ચલાવી રહ્યાં છે. સુગર ફેક્ટરીની હાલત એટલી હદે કથળી ગઇ હતી કે, પંચરના બિલ પણ બાકી રહી ગયા હતાં.









## પોઈચાની નર્મદા નદીમાં સુરતના ૮ ડૂબ્યા, સાતનાં મોત

અમરેલી જિલ્લાના મૂળ વતની અને હાલ સુરતથી કર્મકાંડની વિધિ માટે પોઇચા આવેલા પરિવારની 8 વ્યક્તિઓ નર્મદા નદીમાં સ્નાન કરવા ગયા અને પાણીમાં ગરકાવ થતાં સાત લોકો મોતને ભેટ્યા હતા. સ્થનિકોએ એકને ડૂબતાં આબાદ બચાવ્યો હતો.

## નવસારી જિલ્લા જાહેર આરોગ્ય બાંધકામ વિભાગમાં 5.48 કરોડનું કૌભાંડ



નવસારી જિલ્લામાં જાહેર આરોગ્ય બાંધકામ વિભાગના કામોમાં 5.48 કરોડની ગેરરીતિ થઇ હોવાના અહેવાલો ડિસેમ્બર 2024 માં 'ગુજરાતમિત્ર'એ પ્રકાશિત કર્યા હતા. એ પછી જવાબદારો સામે ખાતાકીય પગલાં પણ ભરાયા હતા. જો કે એ પછી તપાસમાં ઢીલ મુકાઇ હોવાનું લાગતું હતું. પરંતુ વિવિધ સ્તરે તપાસ થયા બાદ મંગળવારે સીઆઇડી ક્રાઇમે એક મહિલા સહિત 5 અધિકારીઓ અને 5 કોન્ટ્રાક્ટરોની ધરપકડ કરી હતી. કૂલ 14 સામે ગુનો દાખલ થયો છે, ત્યારે બાકીના 4 ની ધરપકડ કરવા માટે ચક્રો ગતિમાન હોવાનું જાણવા મળે છે.

## નવસારીમાં આ ચોમાસામાં એક કે બે વખત નહીં પરંતુ ચાર ચાર વખત પૂર આવ્યું હતું



ઉમરપાડામાં આભ ફાટ્યું 4 કલાકમાં 14 ઈંચ વરસાદ વાલિયામાં 16 ઈંચથી વધુ વરસાદ, ત્રણ દાયકા બાદ જલપ્રલય જોવા મળ્યો હતો.

દક્ષિણ ગુજરાતમાં પણ મેઘરાજા ઓળઘોળ છે અને ધમાકેદાર બેટીંગ કરી રહ્યા છે. નવસારી, વલસાડ સહિતના જિલ્લાઓમાં ભારે વરસાદને પગલે અનેક માર્ગો જળમગ્ન બન્યા હતા. નીચાણવાળા વિસ્તારોમાં ઘરોમાં પાણી ભરાઈ જતા લોકોને પારાવાર હાલાકી પડી રહી હતી. સુરતમાં ભારે વરસાદથી અનેક માર્ગો પર પાણી ભરાતા વાહનચાલકો અટવાયા હોવાના દૃશ્યો સામે આવ્યા છે. નવસારીમાં તો માત્ર એક વાર નહીં પરંતુ વિતેલા ચોમાસામાં ચાર ચાર વખત પૂર આવ્યા હતાં.

## બારડોલી નગરસેવિકાના પતિને મહિલા પોલીસકર્મી સાથે ગુફ્તુગુ કરતા પૂર્વ પ્રેમિકાએ જોઈ લેતાં હોબાળો

બારડોલી પોલીસમથક વિસ્તારના પોલીસ અધિકારીની નજીકમાં રહેતો અને નગરસેવિકાનો પતિ રંગીનમિજાજી સ્વભાવને કારણે મહિલાઓ સાથે તેના હુંફાળા સંબંધનો મામલો ચર્ચામાં આવ્યો હતો. નગરસેવિકાનો રંગીનમિજાજી પતિ અને પોલીસનો પંટર કારમાં મહિલા પોલીસકર્મી સાથે ગુફ્તુગુ કરતો હતો ત્યારે તેની પૂર્વ પ્રેમિકા આવી જતાં ભારે હોબાળો થયો હતો. આમ મામલો મહિલા પોલીસકર્મીના પતિ સુધી પહોંચી જતાં સમગ્ર પ્રકરણ ટોક ઓફ ધી ટાઉન બન્યું હતું.



## દમણ દરિયા કિનારે યુવતીનો ટોપલેસ વિડીયો વાયરલ

દમણના નયનરમ્ય દરિયા કિનારે ટોપલેસ હાલતમાં રસ્તે ચાલતી એક યુવતીના વિડીયોએ સોશિયલ મીડિયામાં હાહાકાર મચાવી દીધો છે. દમણના નમોપથ કે પછી રામસેતુ બીચના રસ્તાનો આ વિડીયો હોવાનું મનાયું હતું. પોલીસ કડક પગલાં ભરે તેવી લોકોની માંગ

## દ.ગુજરાતમાં ફરી ભાજપનો 'ભગવો', દમણમાં અપક્ષનો 'અપસેટ'

લોકસભાની ચૂંટણીમાં સુરતની બેઠક બિનહરિફ પહેલેથી જ થઈ ગઈ હોવાથી દક્ષિણ ગુજરાતની પાંચ પૈકી ચાર બેઠક પર ભાજપે જીત મેળવી હતી જો કે દમણમાં અપક્ષ ઉમેદવારો ભાજપ-કોંગ્રેસને પછડાટ આપી હતી. વલસાડ બેઠક પર ભાજપના ધવલ પટેલ, નવસારી બેઠક પરથી સીઆર પાટીલ, બારડોલી બેઠક પરથી પરભુ વસાવા, સંઘ પ્રદેશમાં ભાજપના કલા ડેલકર અને ભરૂચમાં મનસુખ વસાવાનો વિજય થયો હતો જ્યારે દમણમાં અપક્ષ ઉમેદવાર ઉમેશ પટેલનો વિજય થયો હતો.

# દક્ષિણ ગુજરાત



## પારડીના મોતીવાડાની કોલેજિયન યુવતીની ઘાતકી હત્યા, પકડાયેલો આરોપી સિરિયલ કિલર નીકળ્યો

વલસાડ જિલ્લાના પારડી તાલુકાના મોતીવાડા ગામમાંથી કોલેજીયન યુવતી ઉપર બળાત્કાર કરીને તેની હત્યા કરી નાંખવામાં આવી હતી. તે ઉદવાડા ટ્યુશન ક્લાસિસમાં ગઇ હતી અને ત્યારબાદ ઘરે પરત આવી ન હતી. આ હત્યામાં પકડાયેલો આરોપી જાટની ધરપકડ કરવામાં આવી હતી. તે સિરિયલ કિલર હોવાની ચોંકાવનારી હકીકત બહાર આવી હતી. એક પછી એક તેણે કુલ છ હત્યાની કબૂલાત કરી હતી. હત્યામાં સંડોવાયેલા આરોપીને પકડવા વલસાડ જિલ્લા પોલીસે કાબિલેદાદ કામગીરી કરી હતી. માત્ર રેલવે સ્ટેશન પરથી શંકાસ્પદના મેળવેલા ફૂટેજના આધારે પોલીસે લાજપોર જેલમાંથી જામીન પર છૂટેલા આરોપીનું પગેરુ શોધી કાઢ્યું હતું. પકડાયેલા હરિયાણાના આરોપીએ આ હત્યા કર્યા પછી ત્રણ અને તે પહેલા ત્રણ હત્યા કરી હોવાની ચોંકાવનારી કબૂલાત કરી હતી.



## કોસંબા અને કીમ વચ્ચે ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ

કોસંબા અને કીમ વચ્ચે ટ્રેન ઉથલાવવાનો હિચકારો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ટ્રેક પરની ફેસ પ્લેટની 20 જેટલી ચાવીઓ કાઢી લેવામાં આવી હતી તેમજ પેડ લોક પણ ખોલી નાંખવામાં આવ્યું હતું. આ ખૂબ જ ગંભીર ઘટના હોવાથી એટીએસ પણ આ તપાસમાં જોડાઇ હતી. જો કે, તપાસમાં સમગ્ર પ્રકરણમાં રેલવેના કર્મચારીઓની જ સંડોવણી બહાર આવી હતી. સોશિયલ મીડિયામાં ફેમસ થવા અને નાઇટ ડ્યૂટી યથાવત રાખવા માટે તેમણે આ કારસો રચ્યો હતો.

## જૂના કોસંબાના કબ્રસ્તાનમાં તાજા મડદાનું દિલ કાઢવા આવેલો 'હાર્ટડકેટ' ઝડપાયો

જૂના કોસંબા ગામમાં રાત પડતાં જ કબ્રસ્તાનમાં બે માણસ કાળા માસ્ક સાથે બેગ લઈ આવી પહોંચ્યા હતા. શંકા જતાં એકને લોકોએ ઝડપી પાડ્યો હતો. તેઓ કબ્રસ્તાનમાં તાજા દાટેલાં મડદાંમાંથી દિલ કાઢવા આવ્યા હોવાની કબૂલાત કરતાં ચકચાર મચી જવા પામી હતી.

## ઉમરગામમાં 3 વર્ષની બાળકી પર વિધર્મીનું દુષ્કર્મ : પથ્થરમારો

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં 3 વર્ષની બાળકી પર વિધર્મીએ દુષ્કર્મ કર્યું હતું. પડોશમાં રહેતા અને પિતાની સાથે જ કામ કરતાં ઇસમે કરેલા આ હિન કૃત્યને કારણે અહીંના હિન્દુ સંગઠનોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો હતો. ઉમરગામ બંધનું એલાન આપવામાં આવ્યું હતું તો કેટલાક વિસ્તારોમાં પથ્થરમારાની ઘટના પણ બની હતી.



## ડેડિયાપાડા તાલુકામાં વીજળી પડતાં બે ગામમાં ચારનાં મોત, બે બાળકો દાઝ્યાં

તા.૧૪મી મેએ રોજ ડેડીયાપાડા તાલુકાના દાભવણ ગામે વીજળી પડતાં ત્રાટકતાં બે કિશોરના મોત નીપજ્યા હતા અને બે કિશોર વીજળીના કારણે ઈજાગ્રસ્ત થયા હતા. બીજી તરફ કુકરદા ગામે વીજળી પડતાં અન્ય એકનું મોત નિપજ્યું હતું. જેને લઈને ડેડીયાપાડા તાલુકામાં એક જ દિવસમાં વીજળી પડતાં કુલ ચારના મોત નિપજ્યાં હતાં. ઘટના બનતા માતમ છવાઈ ગયો હતો.

## બારડોલીમાં 35 પશુ, 15 માણસોને બચકાં ભરતાં હટકાયા કૂતરાને મારી નંખાયો

બારડોલીના ઝરીમોરા અને માંડવીના ઝાંખલા ગામે 31 માર્ચે હડકાયા કૂતરાએ આતંક મચાવ્યો હતો. બંને ગામમાં 35 જેટલા પશુઓ અને 15 જેટલા માણસોને બચકાં ભરી ઇજાગ્રસ્ત કર્યાં હતાં. ઇજાગ્રસ્તોને માંડવી અને વ્યારાની હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં વેક્સિનેશનની કામગીરી કરાઈ હતી.

## 2024 ફ્લેશ બેક

- સોનગઢનો પશુ નિરિક્ષક લાંચ લેતા ઝડપાયો
- ચીફ ઓફિસરની બદલીના વિરોધમાં સાપુતારા સજ્જડ બંધનુ એલાન
- અંકલેશ્વરના સારંગપુરમાં પ્રેમિકા અને તેના બીજા પ્રેમીની નિર્વસ્ત્ર હાલતમાં હત્યા
- કામરેજના હલધરુમાં પત્નીનો બે બાળકોની હત્યા કરી આપઘાત
- શાળાને બદલે તાપીમાં નાહવા ગયેલા બે કુકરમુંડાના બે બાળકો ડૂબી ગયા
- હાંસોટના આસ્તા ગામે ગેરકાયદે સંગ્રહ કરાયેલો ૩૬ હજાર મેટ્રીક ટન કોલસો જપ્ત કરાયો
- દક્ષિણ ગુજરાત વીજ કંપનીનો સામાન ચોરીને બારોબાર વેચવાનું કૌભાંડ
- પીપોદરા જીઆઈડીસીમાં પોલીસ અને કામદારો વચ્ચે પથ્થરમારો
- ઉઘરાણાના વિવાદમાં સુરત જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ રોહિત પટેલ સસ્પેન્ડ
- માંગરોળના દેગડિયા ગામે દીપડાએ હુમલો કરતાં મહિલાનું મોત થયું હતું.
- શિકારીનો શિકારઃ દીપડાના શરીર પરથી ચામડું અને પંજા કાઢી લેવાયા
- ડાંગ જિલ્લાનાં સુબિરમાં જનેતાએ બે બાળકોને કૂવામાં ફેંકીને પોતે કૂદી પડી
- નરેન્દ્ર મોદી કોઈ સુપરમેન નથી, માત્ર મોંઘવારી મેન જ છેઃ પ્રિયંકા (ધરમપુર)
- નવસારીમાં ધર્માંતરણનો વીડિયો વાયરલ થતાં સેવન્થ ડે સ્કૂલના શિક્ષક દંપતિ સામે ગુનો

## અંકલેશ્વરમાંથી 5000 કરોડનું કોકેઇન ઝડપાયું

અંકલેશ્વરમાંથી રૂપિયા 5000 કરોડનું કોકેઇન ઝડપાયું હતું. દિલ્હી અને ગુજરાત પોલીસના સંયુક્ત ઓપરેશનમાં અહીં આવેલી એક ફાર્માસ્યુટિકલ કંપનીમાંથી 518 કિલોગ્રામ કોકેઇનનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. અહીંથી પોલીસે કુલ પાંચ આરોપીની ધરપકડ કરી હતી. દિલ્હીમાંથી ઝડપાયેલા 562 કિલો કોકેઇનની તપાસ દરમિયાન આ વાત બહાર આવી હતી. અંકલેશ્વરની આવકાર ફાર્માસ્યુટિકલ કંપનીમાંથી આ જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો.




- ઉમરગામમાંથી ડ્રગ્સ બનાવતી ફેક્ટરી ઝડપાઇ
- અંકલેશ્વર જીઆઇડીસીની આવકાર ફેક્ટરીમાંથી 450 કરોડનું ડ્રગ્સ ઝડપાયું
- ઓંજલના દરિયા કિનારેથી 60 કિલો ચરસ મળ્યું
- વલસાડના તિથલ દરિયા કાંઠેથી 1 કિલો ચરસનું પેકેટ બિનવારસી હાલતમાં મળી આવ્યું હતું.
- સુરતના પલસાણામાંથી 51 કરોડનું મેફેડ્રોન જપ્ત કરતું એટીએસ

## વિજલપોરમાં ડો.બાબાસાહેબ આંબેડકર જયંતિની રેલીમાં પથ્થરમારો



વિજલપોરમાં ડો.બાબાસાહેબ આંબેડકર જયંતિને લઈ દલીત સમાજે રેલી કાઢી હતી. આ રેલી સંભાજી નગર પાસેથી પસાર થતી હતી એ વેળા કોઈ અજાણ્યા ઇસમે પથ્થરમારો કર્યો હતો. જૂની અદાવતમાં માથાકૂટ થયાની વિગત સાંપડી હતી.



## કઠોરના મૌલવી અબુબકરનું ISIS સાથેનું કનેક્શન બહાર આવ્યું

મૌલવી અબૂબકર આઇએસઆઇએસ સાથે કનેક્શન ધરાવતો હોવાના પૂરાવા સેન્ટ્રલ એજન્સીને મળ્યા હતા.. આ મામલે ઇરાક અને ઇરાનમાં કટ્ટરવાદી સંગઠનો સાથે અબૂબકર સંપર્કમાં હોવાના પૂરાવા તપાસ એજન્સીઓના હાથે લાગ્યા હતા. તેણે વોટસઅપમાં કરેલા મેસેજીંગમાં હુ ફીઝીકલી સ્ટેબલ નથી નહીંતર હુ જાતેજ ટ્રેનિંગ લેવા આવી જાતે. અલગાવવાદીઓના સંપર્કમાં આવીને દેશમાં કે દક્ષિણ ગુજરાતમાં મોટો વિનાશ કરવાનુ પ્લાનિંગ આ ઝનૂની કરે તે પહેલા તેને દબોચી લેવામાં આવ્યો હતો.



## દેલાડના પ્રિન્સ પટેલે ઈંગ્લેન્ડની ક્લબ ક્રિકેટમાં ૮૯ બોલમાં ૨૩૨ ફટકાર્યા

મૂળ માંગરોળ અને દેલાડ રહેતા સાવિલ સ્ટાર સી.સી. ક્લબ વતી તોફાની બેટિંગ કરી એમ.ટી.બી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં ભણતો પ્રિન્સ ચાર વર્ષથી ક્લબ સાથે જોડાયેલો છે મૂળ માંગરોળ તાલુકાના લીમોદરા ગામના વતની અને હાલ દેલાડ ગામે લક્ષ્મી રો-હાઉસમાં રહેતા પ્રિન્સ પટેલે ઈંગ્લેન્ડમાં મીનવૂડ સી.સી. ક્લબ સામે રમતાં ધુંઆધાર બેટિંગ કરી ૮૯ બોલમાં ૨૩૨ રન ફટકાર્યા હતાં.



## સુરત જિલ્લાના મોટા બોરસરામાં સગીરા સાથે ગેંગરેપ

સુરત જિલ્લાના મોટા બોરસરા ખાતે એક યુગલ એકાંતમાં વાત કરી રહ્યું હતું ત્યારે ત્રણ નરાધમ બાઇક ઉપર આવ્યા હતા. યુવતી સાથે ઉભેલા યુવાનને ફટકાર્યો હતો અને ત્યારબાદ સગીરા ઉપર ગેંગરેપ કર્યો હતો. આ મામલે જિલ્લા પોલીસે ત્રણ આરોપીને ઝડપી પાડ્યા હતાં. એક આરોપીને પકડતી વખતે ફાયરિંગ પણ કરવું પડ્યું હતું.